# ન્યાયવિશારદ શ્રીમદ્ યશોવિજયજી

## બનારસજૈનપાઠશાળા.

ानं सारः सर्व संसार मध्ये, ज्ञानं तत्वं सर्व तत्वेषु नित्यं ।
नं यावत् मोक्षमार्ग प्रदर्शी, तस्मात् ज्ञानं सर्वदाराधनीयं ॥ १ ॥

સંસારમાં જ્ઞાન એ સર્વ સારરૂપ છે. સર્વ તત્વમાં જ્ઞાન શ્રેષ્ઠ તત્વ છે. મોક્ષ માર્ગની શ્રેણી બતાવનાર જ્ઞાન છે. માટે સર્વદા આરાધવા યોગ્ય જ્ઞાન છે.

લખનાર.

શાહ. નારણજી અમરસી વઢવાણ શહેર.

પ્રસિદ્ધ કર્તા.

શ્રી માંગરોળ જૈનસભા. પાયધુણી, મુંબાઈ.

અમદાવાદ.

ઘીકાંટારોડપર આવેલા 'જૈનોદય' છાપખાનામાં છાપી.

સંવત ૧૯૬૨ વીર સંવત ૨૪૩૨.

[ અમુલ્ય. ]

# બે બોલ.



સં. ૧૯૫૬ ની સાલ એ જૈનોમાં ઉન્નતિનું ખાસ વર્ષ કહીએ ચાલી શકે. શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં કોન્ફરન્સ સંબંધમાં બનવા વિચાર થઈ, તેમાં ભાગ લેવાને જરૂર તૈયારીઓ કરવાનો વખત હતો. આ પાઠશાળાની ઉત્પત્તિનો એજ સમય હતો. આ પાઠશાળા સંબંધમાં મારા જીગરમાં વાસ થવાનો અને તે સંબંધમાં વાકેફ રહેવાનો શુભ સૂચક વખત એજ હતો. એ પછીથી અદ્યાપિ પર્યંત પાઠશાળા માટે વાકેફગારી રાખવાની મારી ખંત જારી છે, અને તેનો અભ્યુદય શી રીતે થાય તે માટે સારી સલાહ મેળવવા ખરી ખંતથી તૈયાર રહું છું. ગઈ કોન્ફરન્સ વખતે એક નાનું હસ્તપત્ર પ્રગટ કરી વહેંચેલ હતું. ત્યારથી અત્યાર સુધી કોઈ ફરીયાદ રીતસર આવી નથી. આ નિબંધ શ્રી માંગરોળ જૈન સભાના આ. ઓનરરી સેક્રેટરી રા. રા. લલુભાઈ કરમચંદ દલાલ તરફથી લખવા સૂચના થઈ. રા. રા. જૈન પત્રના માલીક ભગુભાઈ ફતેચંદ અને સાક્ષર રત્ન મનસુખ કીરતચંદ સંબંધે સલાહનો યોગ્ય મેળવ્યો. સાક્ષર રત્ને [illegible] સૂચવ્યું. "મોટા પાયા ઉપર પૈસા મેળવવાની આવશ્યકતા છે, અને સારૂં બંધારણ કાયમ થાય એવા વિચાર દર્શાવવા જોઈએ." આ પછી પાઠશાળાનાં બંને ઓનરરી સેક્રેટરી સાહેબો સાથે વિચાર ચલાવ્યા અને તેઓએ બહુજ સંતોષ આપ્યો. આ ચાલતી સાલમાં બનારસ જવું બનેલ તેથી પાઠશાળાની સર્વ સ્થિતિ નીરખેલ અને તિર્થ રૂપ મુની મહારાજ ધર્મવિજયજી સાથે રૂબરૂમાં વાતચીત થઈ હતી, તે સર્વ ઉપરથી ઉપજતા સામાન્ય વિચાર સ્વધર્મી ભાઈઓની રૂબરૂ મુકતાં મને પૂર્ણ આનંદ ઉપજે છે, અને આ નિબંધ જૈન ભાઈઓમાં આ પાઠશાળા સંબંધી કાંઈક પ્રકાશ સૂચવે તો તેઓ પાઠશાળા માટે કાંઈક જીજ્ઞાસા રાખી મદદગાર થાય, અને એ શુભ યોગની સાથી આપણી વ્યવહારીક અને ધાર્મીક ઉન્નતિનો ક્રમ સહેલો અને ચડતી સ્થિતિમાં મુકાવનારો થઈ પડે એમ બુદ્ધિશાળી અને અનુભવીઓની આશાનાં કિરણો લંબાય છે. તે ફતેહ અને આબાદીએ પહોંચે એટલે બસ છે.

**મોરબી—શાહ. નારણજી અમરશી.**

# પ્રસ્તાવના.

શ્રીમદ્ યશોવિજયજી બનારસ જૈન પાઠશાળા. આ સંસ્થા આપણને ઘણી પ્રકારની ખોટ પુરી પાડવાને ઉપયોગી નીવડે તેવી છે, અને તે માટે તેના જીજ્ઞાસુઓ સંપુર્ણ માહીતગાર થાય અને શ્રીમાનો દ્રવ્યની, વિદ્વાનો વિચારની તેમજ જાતી મદદ કરી ભવિષ્યમાં એ સંસ્થાને જૈનોના કેળવણી ખાતામાં તેને સર્વોપરી ખાતું બનાવી શકાય તે માટે એક સરસ ઈનામી નિબંધ મંગાવવા વીચાર થયો પણ વીચાર થવા બાદ કોનફરન્સની બેઠકનો વખત નજીક હોવાથી પાઠશાળા વિષે સંપુર્ણ જાણકાર અને પુર્ણ લાગણીવાન લેખક મી. નારણજી પાસે આ લખાવવામાં આવ્યો છે જે સંપુર્ણ વાંચી સુજ્ઞો યથા યોગ્ય ઉપયોગ કરશે.

થોડા સમય અગાઉ પાઠશાળા સંબંધી તેના સેક્રેટરીએ મુંબઈમાં એક લેકચર કર્યું હતું અને જે વખતે પાઠશાળા તરફની પ્રીતિના અંગે રૂ. ૩૬) રોકડા તે લેકચર છપાવવા મળ્યા હતા. પણ કામના સંજોગે તરતમાં તેમ ન બનવાથી તે પૈસાનો આ રીતે તેજ ખાતા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

શ્રી માંગરોળ જૈન સભા
પાયધુણી મુંબઈ.

લી. શુભેચ્છક.
લલ્લુભાઈ કરમચંદ દલાલ.
આ. ઓ. સેક્રેટરી.

# ન્યાયવિશારદ શ્રીમદ્ યશોવિજયજી

# બનારસજૈનપાઠશાળા.

---

## ઉત્પત્તિ.

કેટલાંક વરસો થયાં જૈનશાળાઓ સ્થાપન થઇ છે અને દિવસો દિવસ જૈનશાળાઓ સ્થાપન થતી જાય છે. એ જૈનશાળાઓ માટે શિક્ષકો મેળવવાને કાંઇ સાધન નહોતું. ઉપદેશકો, લહીઆ, અને શાસ્ત્રીઓ મેળવવા માટે અન્ય ધર્મિઓ તરફ દ્રષ્ટિ ફરજીયાત કરવી પડતી હતી. જે અન્ય ધર્મીઓને શૈલી અને વિવેક સંબંધી કાંઇક અજ્ઞાનતા હોવાથી ઘણી તરેહથી મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી. મુની મહારાજાઓને સંસ્કૃત શીખવા સારૂ શાસ્ત્રીઓ રાખવા પડતા હતા, અને તેથી કરીને મુની મહારાજાઓ નાનાં ગામોમાં ચોમાસું કરી શકતા નહીં. તેમજ નાનાં ગામો શાસ્ત્રીઓના પગાર આપવાને સારી શક્તિ ધરાવતાં નહીં. એટલે મુની મહારાજાઓને સંસ્કૃત શીખવા સંબંધી કાંઇક અંશે સંકોચાવું પડતું હતું. એ સર્વે સંબંધી સુજ્ઞોમાં વિચાર ઘુંધવાતો હતો. તિર્થરૂપ ધર્મવિજયજી મુની મહારાજને શાસ્ત્રીઓ સંબંધમાં કાંઇક અવિવેક જણાયો, અને એ ખોટ પુરી પાડવા માંડળ તથા વિરમગામના સંઘોને ઉપદેશ આપ્યો. જેનું પરીણામ આવી પાઠશાળા ઉભી કરવાના વિચારને અમલમાં મુકવાની તૈયારીમાં આવ્યું. એકી તડાકે સારૂં ફંડ થયું. તે માટે વ્યવસ્થા કમીટી અને નિયમો થયા. વિદ્યાર્થીઓ તથા કેટલાક મુની મહારાજાઓએ બનારસ જવાનું નક્કી કર્યું અને તે તરફ વિચર્યા. આ પડઘાનો અવાજ જગોએ જ-

ગોએ સંભળાયો. કોઇ જગોથી વિદ્યાર્થીઓ પાઠશાળામાં દાખલ થવા લાગ્યા, કોઈ જગોથી ફંડ થવા લાગ્યાં અને કોઈ જગોએથી પાઠશાળા માટે ચર્ચા થવા લાગી. એમ પાઠશાળાનું સુકાન ગતીમાન થયું.

## બનારસમાં આ પાઠશાળા ઉઘાડવાનાં સામાન્ય કારણો.

ભારત વર્ષમાં સંસ્કૃત ભાષાનું ખાસ ધામ બનારસ છે. નામદાર સરકારે સંસ્કૃત શાળા ફક્ત આજ જગોએ ઉઘાડેલ છે. થીઓસોફી પંથ જેને સનાતન આર્યધર્મ કેટલાક લોકો કહે છે તેના આગેવાનોએ સેંટ્રલ હિંદુ કૉલેજ અહીંઆં સ્થાપી છે, અહીંની હવા ઠંડી ને અભ્યાસ કરવાને અનુકુળ હોવાથી કેટલાક દેશી રાજાઓ અને શ્રીમંત ગૃહસ્થો તરફથી નાના પાયા ઉપર સંખ્યાબંધ સંસ્કૃત ભાષા શીખવાનાં સાધનો સંસ્થાઓ પુરાં પાડે છે, અને આપણા ધર્મના પ્રખ્યાત ન્યાય વિશારદ શ્રીમદ્ યશોવિજયજી મહારાજ સંસ્કૃત ભણવાને અહીંજ રહ્યા હતા. તેમણે બ્રાહ્મણનો વેશ લઇ ઘણી મુશ્કેલીઓ સહન કરીને ન્યાય વિશારદની પદવી હાંસલ કરી હતી. આપણા તિર્થંકર પ્રભુ શ્રી પાર્શ્વનાથ ભગવંતની જન્મભૂમી અહીંજ છે. બીજા તિર્થંકર પ્રભુઓની કલ્યાણ ભુમીઓ તરીકે વિખ્યાત છે. વળી ભારત વર્ષનું મધ્ય સ્થળ કાંઇક અંશે કહી શકાય. મુંબઇ, લાહોર, કલકત્તા અને એવાં મોટાં શહેરો અહીંથી કાંઇક અંશે સમાંતર છે એમ કહી શકાય—વિદ્યા ભણાવનાર ઓછા ખર્ચે મળે તેમજ ભણનારનાં આસપાસનાં સ્નેહીઓ દુર રહેવાથી ચિત્તવૃત્તિ સ્થીર રાખીને નિવૃત્તિથી સારો અભ્યાસ કરે એટલુંજ નહીં પણ સમસ્ત જૈન વર્ગને એમ ભાસ થાય કે આ સંસ્થા કોઇ એકજ વર્ગ કે એકજ સ્થળ માટેની નથી, સર્વે માટે મધ્યસ્થ છે; માટે સર્વે લાભ લઇ શકે. વળી આ તરફ ધર્મ સાસનની ઉન્નતિ મંદ

થતાં થતાં શીથળ થઇ જવા લાગી હતી, ને શીથળતા દુર કરી ઉન્નતિ ક્રમમાં કાંઇક તેજોમય પ્રકાશનું સિંચન કરવાનો શુભ હેતુ હતો અને એ હેતુ કેટલેક અંશે બર આવ્યો છે. જૈન દેવાલયો જે ગંગાઘાટ ઉપર છે. ત્યાં મચ્છીનો શીકાર થતો હતો તે બંધ થયો છે. દેરાસરોની વ્યવસ્થા સુધરી છે. યાત્રાળુઓનું આવાગમન થાય છે, નવા નવા બ્રાહ્મણ સન્યાસીઓ અને બાવાઓ મળે છે, તેમનો પ્રેમ જૈનો તરફ ખેંચાવા લાગ્યો છે. પંડિત રમામિશ્ર એમ. એ. કલેકટર ધાજીપુર રહીશ બનારસની પાઠશાળાને ખરા જીગરથી ચાહે છે અને બે વરસ પછી પેનશન ઉપર રીટાયર થવાના છે. તેઓ પાઠશાળાને પોતાનું જીવન અર્પણ કરી શીક્ષણ આપવાને કબુલ થયા છે. આપણા જૈન ધર્મનો ફેલાવો થવા લાગ્યો છે. પ્રયાગ કુંભના મેળામાં તિર્થરૂપ ધર્મ વિજયજી મુની મહારાજને ભાપણ કરવાની તક મળી હતી અને જેની અસર સારી થઇ છે. ઐક્ય અને મૈત્રીભાવ રાખવાને જે ઉપદેશ આપ્યો હતો તે બહુજ અનુકુળ હતો. બનારસના કેળવાએલ તમામ આગેવાનો પાઠશાળાને ચાહે છે. ઓનરેબલ મુનશી માધવલાલ, ઓનરેબલ મદનમોહન માલવીયા અને બનારસના મહારાજા સાહેબ અવારનવાર પાઠશાળાની મુલાકાત લે છે. અહીંઆં પાંજરાપોળ નથી તે પણ ભવિષ્યમાં સ્થપાશે. એ બધાંનો સાર એજ છે કે ધર્મશાસનની ઉન્નતિનો માર્ગ વધારે સરળ અને સમસ્ત જૈન વર્ગ માટે મધ્યસ્થ પાઠશાળા કરવાનો ખાસ હેતુ હતો અને છે.

## શ્રીમદ્ યશોવિજય જૈનપાઠશાળા નામ આપવાનું કારણ.

યશોવિજય મુની મહારાજ ઘણો શ્રમ વેઠી અહીંઆં સંસ્કૃત ભાષા તથા ન્યાયના ગ્રંથો ભણ્યાં હતા. તેમની ભદ્ર બુદ્ધિને યોગે જે

જે પુસ્તકો લખાયાં છે તે સર્વે મધ્યસ્થ ભાવનાવાળાં હોઇને સર્વે શ્વેતાંમ્બર ગચ્છોમાં સારી માન્યતા ધરાવે છે. અદ્યાપિ જે કાંઇ આપણા ધર્મનું રૂડી સ્ફુરણ જારી રહ્યું છે, તેનાં કારણ રૂપ કાંઇક પણ અંશે તેમના પ્રીય ગ્રંથો છે. આવા અનંત અભ્યાસી તેમજ અનંત જીવો ઉપર ઉપકાર કરનાર જ્ઞાન રૂપ અમૃતપાન કરાવનાર મધ્યસ્થ પ્રકૃતિ પરાયણ મહા પુરૂષનું નામ પાઠશાળાની મહત્તા અને મધ્યસ્થ શ્રેણી સુચક થઇ પડે એ સર્વે કાર્યો ધ્યાનમાં લઇ પાઠશાળાનું નામ ઉપાધ્યાય યશોવિજયના નામના સ્મરણ રૂપ રાખેલ છે.

## લગભગ છેલ્લાં ત્રણ વર્ષમાં પાઠશાળાએ બજાવેલ કાર્યનો સંક્ષેપ સાર.

પાઠશાળા માટે ફંડ અને વિદ્યાર્થીઓ પ્રથમમાં જોઇએ. તે બન્ને કાર્યો ફતેહ પામતાં રહ્યાં છે. વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ તેંતાલીશની સંખ્યા ઉપર આવી છે, ત્રણ નવા દાખલ થવાને વીરમગામ આવેલ છે તેમને મોકલવાની તૈયારી છે. નવી માગણીઓ આવ્યા કરે છે. પહેલા વરસમાં ઉપજ અને ખર્ચ જોતાં ઉપજ વધી હતી અને તે મુંબઇ બેંક તથા પોષ્ટ ઓફીસ સેવીંગ બેંકમાં રોકેલ હતી. બીજા વર્ષ માટે ખર્ચનો અડસટો છ હજાર રૂપીઆ મંજુર કર્યો હતો. અને ખર્ચ તેની અંદર રહ્યું હતું. ઉપજ બહુજ સારી થઇ હતી અને તે પણ રીતસર મુંબઇ બેંક, પોષ્ટ ઓફીસ, સેવીંગબેંક વિગેરે જગોએ રાખેલ છે. મકાન લેવાયું, અભ્યાસ ક્રમ ચાલ્યો અને કેટલાંક પુસ્તકો પ્રગટ થયાં છે. આ ચાલુ ત્રીજા વર્ષ માટે જોઇએ. ખર્ચ માટે નિચેની રીતે મંજુરી આપી છે.

| | |
|---|---|
| ૨,૮૦૦ | રસોડા ખાતે |
| ૩૦૦૦ | પાઠશાળા ખાતે |
| ૩૦૦ | જ્ઞાન ખાતે |
| ૭૦૦ | વાસણ ગોદડાં |
| ૩૦૦ | મીક્ષર શાપો |
| ૨૫૦ | સ્ટેશનરી |
| ૩૦૦ | દવા ખાતે |
| ૨૫૦ | વીરમગામ ઓફીસ ખાતે |
| ૫૦ | મુની મહારાજોના ઉપગાર માટે |
| ૫૦ | પ્રભુ ભક્તિ ખાતે |
| ૮૦૦૦ | |

ઉપરની રકમો પૈકી વધઘટ કરવા તથા અરસપરસ વાપરવા છુટ રાખેલ છે પણ એકંદર આઠ હજારની અંદરજ વાર્ષીક મીટીંગ વખતે ઉપજ ખરચની ખરી સ્થીતિ જણાઈ આવશે.

આ અડસટાથી ખર્ચ બીલકુલ વધશે નહીંજ પણ ઓછું થશે. ઉપજ લગભગ આ સાલમાં ખર્ચ કરતાં વધારે છે એટલે અમુક શીલક રહેશે અને તે ઉપર મુજબ સારાં સ્થળોએ જમા રાખવામાં આવશે.

આ ચાલતા વર્ષમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય લાયબ્રેરી ઉઘાડવામાં આવી છે. અભ્યાસ ક્રમ ચાલુ છે અને તેનાં પરિણામો રીપોર્ટમાં જોવાથી સંતોષ ઉપજે છે. આપણા સ્વધર્મિઓએ મુલાકાત લીધી છે, તે સર્વે એકી અવાજે વખાણ કરે છે. પણ અન્ય ધર્મીઓ પણ બહુ સારો મત આપે છે. વડોદરાની હાઈકોર્ટના માજી જડજ અંબાલાલ સાકરલાલ એમ. એ. એલ. એલ. બી. છે જેઓ બહુ અનુભવી છે તેમણે ગઈ નેશનલ કોનગ્રેસ વખતે ડીસેમ્બર માસની આખરીએ મુલાકાત લીધી હતી. તેઓ બહુજ સંતોષ ઉપજવાનું જણાવે છે. વડ-

વાણુના સંદેશ વિદ્યારામ ભાઈ જે જર્મનીના પેનશનર કહાઈ છે. તેઓએ બનારસની યાત્રા વખતે જુદાં જુદાં ખાતાં જોએલા તે પૈકી આપણાં દેશી ખાતાંઓમાં આ ખાતુ સરસ છે એમ જણાવ્યું છે. જુદા જુદા દેશી તથા વિદેશી સ્વધર્મી તથા અન્ય ધર્મીઓએ ઉત્તમ અભિપ્રાયો દર્શાવ્યા છે. જે રીપોર્ટોમાં છપાએલ છે અને નવા અભિપ્રાયો હવે પછીના રીપોર્ટ બહાર પડશે. એટલે એ હકીકત અહીં દર્શાવતો નથી.

આ પાઠશાળાં તરફથી યુરોપ ખંડના દેશો પૈકી ઈંગ્લાંડ અને. જર્મનીના વિદ્વાન પુરૂષો સાથે પત્ર વ્યવહાર ચાલે છે, તેઓ કેટલાંક પુસ્તકો અહીંથી મંગાવે છે. જે મોકલવામાં આવે છે. હમણાંજ જર્મનીના એક વિદ્વાન્ શખ્સ તરફથી યોગબીંદુ નામે હરિભદ્ર સુરીનો યોજેલ ગ્રંથ છપાવાની તૈયારીમાં છે. ખુદ આ પાઠશાળા તરફથી (૧) શ્રી પ્રમાણનયતત્વાલોકાલંકાર. (૨) હૈમલિંગાનુશાસન (૩) સિદ્ધ હૈમશબ્દાનુશાસન લઘુવૃત્તિ. (૪) ગુર્વાવલી. (૫) રત્નાકરાવતારિકા (૬) સ્તોત્ર સંગ્રહ (૭) શ્રી સિદ્ધ હૈમશબ્દાનુશાસન મુલ અને બીજાં કેટલાંક પુસ્તકોનાં ભાષાંતર કરીને સાક્ષર વર્ગને પ્રસિદ્ધ કરવા આપ્યાં છે. આવાં કાર્યો પાઠશાળાના અભ્યુદય માટે જીવનમય લક્ષણ સૂચવે છે. જે ઉપરથી સમજુ જૈન ભાઈઓ બટલો તોલ કરી શકવા સંભવ છે

પાઠશાળામાં વિદ્યાર્થીઓને નિચે મુજબ પુસ્તકોનો અભ્યાસ કરાવવામાં આવે છે.

## વ્યાકરણના ગ્રંથો.

(૧) શબ્દરૂપાવળી. (૨) ધાતુરૂપાવળી.

(૩) માર્ગઉપદેશીકા બીજો ભાગ. (૪) સારસ્વત.

(૫) ચંદ્રિકા. (૬) સિદ્ધ હૈમલઘુવૃત્તિ.

(૭) સિદ્ધ હૈમબ્રહદ્વૃત્તિ. (૮) હૈમ લઘુપ્રક્રીયા.

(૯) અમરકોષ. (૧૦) પ્રાકૃત વ્યાકરણ વિગેરે.

## કાવ્યના ગ્રંથો.

(૧) રિષભદેવ ચરિત્ર. (૨) પરિશિષ્ટ.
(૩) સુભાષિત રત્ન સંદોહ. (૪) રઘુવંશ.
(૫) કીરાત. (૬) નૈષધ.
(૭) પંચતંત્ર વિગેરે.

## ન્યાયના ગ્રંથોમાં

( ૧ ) તર્ક સંગ્રહ ( ૨ ) મુક્તાવળી
( ૩ ) સિદ્ધાંત લક્ષણ ( ૪ ) વ્યાપ્તિ કરણ ધર્મ-વિચ્છિના ભાવ
( ૫ ) સ્યાદવાદ મંજરી
( ૬ ) રત્નાકરાવતારિકા વિગેરે.

ઉપર મુજબ ખાસ પુસ્તકો ચાલે છે. તેમજ પ્રસંગને અનુસરતાં બીજાં ઘણાં પુસ્તકોનો બોધ અપાય છે. એટલુંજ નહીં પણ કુમળાં મગજ ખીલી નીકળે એવા હેતુથી ગુજરાતી—હિંદ અને ઇંગ્રેજી આદી ભાષાઓમાં રચાએલ સારા ગ્રંથો વાંચવાની છુટ છે. એટલુંજ નહીં પણ જમાનાને અનુસરતા તાજા ખબરો અને હકીકતોથી માહેત રહી શકે તેટલા માટે વર્તમાન પત્રો વાંચવાની જોગવાઇ કરી આપવામાં આવેલ છે.

પાઠશાળાનો વધારે અભ્યુદય. કરવા સારૂ ત્રણ જૈન ગ્રેજ્યુએટસને પચાસ રૂપીયાની માસીક સ્કોલર શીપથી બે વરસ અહીં રાખી ધાર્મીક ફીલોશોફી શીખવવાનું મુકરર. કરવામાં આવ્યું છે. પાંચ વિદ્યાર્થીઓ કે જૈન હોય અને સંસ્કૃત ભાષા લઇ મેટ્રીક પાસ થયા હોય એવાને કોલેજનો ઇંગ્રેજી અભ્યાસ કરવા માટે જોગવાઇ કરી આપવામાં આવશે અને એવી રીતે અભ્યાસ કરવાને જોડાનારને ખોરાકી, કપડાં તથા રહેવાની જગ્યા, પુરી પાડવામાં આવશે, માત્ર

૧૫૧૬



તેઓએ પાઠશાળામાં અમુક વખત ધાર્મીક કેળવણી લેવી જોઇશે.

વિશેષ, તરીકે શિક્ષકો તરીકે કામ કરી શકે એવા દશ શખસોને માર્ગ ઉપદેશિકા અથવા લઘુ કૌમુદીનો સંસ્કૃત અભ્યાસ, ધાર્મીક અભ્યાસમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ અને પ્રકરણોમાં કર્મ ગ્રંથ પર્યંત અર્થ સાથે શીખવવાની ગોઠવણ કરવાનું ધારેલ છે. આવા શિક્ષકો સાધારણ જૈન શાળાઓ માટે ઉપયોગી થઇ શકે. આ પાઠશાળાનો તમામ ( કોર્સ ) અભ્યાસ કરી રહેનાર સંસ્કૃત વ્યાકરણો, ન્યાય, કાવ્ય અને અલંકારો શીખીને પછી ઉંચા પ્રકારનું ધાર્મિક શીક્ષણ મેળવશે. જેથી લાભ ઘણો સારો થશે. આ સંબંધે વિશેષ કહેવા કરતાં નજરે જોનારને વિશેષ અનુભવ થાય. પાઠશાળાના વિદ્યાર્થીઓ જૈન આદી વર્તમાન પત્રોમાં બહુજ સારા લેખો લખે છે. તે વાંચતાં ખરેખાત સંતોષ ઉપજે છે. વિદ્યાર્થીઓનાં ભાષણો સાંભળવાના જેમને તક મળી છે તેઓ આશ્ચર્ય પામે છે કે આટલા થોડા વખતમાં આવું સારૂં જ્ઞાન કેવી મહેનતથી મેળવ્યું હશે? વખત નજીક છે. વિદ્યાર્થીઓ બહાર આવશે ઉપદેશક રૂપે, શાસ્ત્રીઓ રૂપે, જૈન શાળાઓના માસ્તર રૂપે દેખાવ આપશે અને ત્યાંજ પુર્ણ સંતોષ આપશે. એ કસોટીમાંથી કસ લેવાય ત્યાં સુધી પાઠશાળાના હિતચિંતકો પોતાનું કાર્ય ધીમે ધીમે કર્યા જાય છે.

## પાઠશાળા માટે કેવી વ્યવસ્થા છે ?

આ પાઠશાળા માટે બનારસ અને વિરમગામ ઓફીસો છે. વિરમગામની ઓફીસ હેડ ઓફીસ છે. ત્યાં તમામ હિસાબ રહે છે. વિદ્યાર્થીઓને મોકલવા ન મોકલવાનો નિર્ણય પણ થાય છે. બન્ને ઓનરરી સેક્રેટરીઓ અહીં રહે છે. એ બન્ને સેક્રેટરીઓ ડીસ્ટ્રીક્ટ પ્લીડર છે. વિદ્યાર્થીઓને પાઠશાળાનો પ્રવેશ કરાવવો યોગ્ય છે કે નહીં ત

જોવા માટે બે ચાર માસ રાખવામાં આવે છે. દફતર અહીંજ રહે છે.

મેહેસાણામાં પણ બનારસ જનાર વિદ્યાર્થીઓને થોડી મુદત રાખી શકાય છે. આ બન્ને સ્થળો વિદ્યાર્થીઓનું સદ્વર્તન જોવાનાં ખાસ તથા પ્રહેજ અભ્યાસમાં દોરવાનાં સ્થળો છે.

બનારસમાં વિદ્યાર્થીઓ રહે છે, અભ્યાસ કરાવવામાં આવે છે, પત્ર વ્યવહાર અને હિસાબો રખાય છે અને દરરોજનો હિસાબ વિરમગામ મોકલાવી આપવામાં આવે છે, જેથી એકંદર નામામાં નાખી શકાય છે.

વ્યવસ્થા કમીટીમાં અઢીસેં અથવા તેથી વધારે રકમ ભરનારને મેમ્બર તરીકે દાખલ કરવામાં આવે છે, અને એવા જે મેમ્બરો થાય તેટલીજ સંખ્યામાં કામ કાજ કરી શકે. ઉત્સાહી હોય અને વિદ્વાન હોય એવા પ્રતિષ્ઠીત પુરૂષોને દાખલ કરવામાં આવે છે.

સારી વ્યવસ્થાને લીધે વિદ્યાર્થીઓ વધતા જાય છે, માટે ખર્ચનો કાયમ ગોઠવણ થઈ જાય કે જે ફંડમાંથી એ પાઠશાળા હમેશને માટે કાયમ રહે. ફંડ ભેગું કરવાની ફર્જ કઠોર પરિકાષ્ટા ઓછી થાય. બીજી બાજુ ખર્ચ મેળવવાને પરિશ્રમ કરતો વર્ગ ચિત્તવૃત્તિ સ્થિર કરીને વ્યવસ્થા અને કાર્ય ઉપર વધારે ધ્યાન આપી શકે.

### શ્રી સંઘ પ્રત્યે એક વિજ્ઞપ્તિ.

સહર્ષ અરજ કરતાં જણાવું છું કે સં. ૧૯૫૯ ની સાલમાં આ પાઠશાળા ઉઘડી ત્યાર પહેલાંથી હું જૈન પ્રજાના ભલા માટે એક કોલેજ સ્થાપન કરવામાં આવે એવી આવશ્યકતા વિચારતો હતો. આવો મહદ્ વિષય જૈન ભાઈઓ સમક્ષ ન મૂકવાના કારણમાં માત્ર એટલુંજ હતું કે મારા કરતાં વધારે પ્રતિષ્ઠીત પુરૂષ મૂકે કે તેનું પરિણામ સત્વરતાથી આવે. કેટલેક દરજે આપણા સંઘમાં બંધુઓમાં એવી ટેવ

છે કે શબ્દો ઉપર લાભ ગેરલાભ વિચારવાને બદલે શબ્દ ઉચ્ચારનાર તરફ જોવામાં આવે અને પછી કાર્યનો પ્રસંગ વિચારવામાં આવે છે. એ સ્થિતિએ હું કાંઇ સૂચના કરીશ તો તે નકામી જશે એમ ધારી મેં તે બહાર મૂકેલ નહીં. ચડતી પડતી એ અવસ્થાંતરનો નમુનો છે. ભારત વર્ષનો ઉદય કાળ કાંઇક અંશે નજદીક આવતો જાય છે એમ ભાસ થાય છે. દરેક ધર્મ પંથીઓમાં અને દરેક જ્ઞાતીઓમાં કાંઇક ચંચળતાએ પ્રવેશ કરવા માંડ્યો છે. મુસલમાનોએ અલીગઢ કાલેજ કાઢી તેને યુનીવરસીટીમાં ફેરવવાને યત્ન કરે છે. દરમીઆન લાહોર અને દક્ષિણમાં એમ બે બીજી કોલેજો કાઢી છે. આર્ય સમાજીસ્ટોએ દયાનંદ કોલેજ કાઢી છે. હિંદુઓ માટે સનાતન આર્ય ધર્મની ખીલવણી સારૂ સેંટ્રલ હિંદુ કોલેજ હૈયાતીમાં આવી છે. અને દક્ષિણમાં બીજી કોલેજ કાઢવાની તૈયારી ચાલી રહી છે. કાયસ્થ જેવી નાની કોમે પોતાની કોલેજ કરી છે. શીખ જેવી લશ્કરી તથા જુના વિચારને પસંદ કરનાર બીન કેળવાએલ કોમે અમૃતસરમાં ખાલસા કોલેજ કાઢી છે. સનાતન હિંદુ વર્ગ તરફથી વિશ્વવિદ્યાલય નિકળવાની યોજના તૈયાર થઇ છે. બંગ ભંગ પછી બંગાળાના લોકો પોતાની કોલેજો અને યુનીવરસીટીઓ કાઢવાના સાર ઉપર આવ્યા છે. એ બધી ભાઇબંધ કોમો કરતાં આપણે પશ્ચાત રહી તેમાં લાભ શું? આ લાભ લઇશું તો આ લાભ લઇશું. પુત્રોને કેળવશું તો એ પુત્રો આપણને લાભદાયક થશે. જો આપણે આપણા ધર્મ અને આચારને યોગ્ય થાય એવું ખાતું નહીં ઉભું કરીશું તો આપણા ધર્મ અને આચારથી આપણા પુત્રો અને આપણે બે નસીબ રહીશું. ખુદ આપણે પોતે બીજા કેટલાક ધર્મ પંથો તરફ જ્ઞાન ધરાવીએ છીએ તેવું પોતાના સ્વધર્મ તરફ કેટલીક વખતે જ્ઞાન ધરાવતા નથી. એનું કારણ આપણી પાસે સાધનો નથી.

ક્ષા માર્ગ એમ સુચવે છે કે પોતે "ગુણગ્રાહી" થઇ અને બીજા જે જીવો ભુલાવામાં પડતા હોય તેને તારવાને યત્ન કરવો, જો આપણે આપણી સંસ્થાને મજબુત કરીશું તો સરળ ઉપદેશ, અને સરળ પુસ્તકોનો લાભ વધારે સહેલાઇથી મેળવીશું. આપણા પુત્રો અને પુત્રીઓને સારૂં વ્યવહારીક અને ધાર્મીક શિક્ષણ મળશે. યુરોપીયન પ્રજા આપણા ધર્મનું જ્ઞાન મેળવી શકશે તો એ પ્રજા જે ભૂલાવામાં પડી અસંખ્ય જીવોનો વધ કરે છે તેથી દૂર રહી આપણા જેવા અહિંસક થશે. એ લોકોમાં ધાર્મીક સુધારો દાખલ થયો કે તુરત તેમની સ્વાર્થપરાયણતા જે અંધ સ્થિતિએ વહન થયા કરે છે, તે અટકી પરમાર્થ રસ્તે ચાલશે તેનો લાભ પણ આપણનેજ છે.

આપણા જૈન ભાઇઓ કાંઇ લોભી નથી. તેઓની ઉદારતા મશહુર છે. તેઓએ આ સવાલનો ખાસ વિચાર કરવા જેવો છે. પોતાનું દ્રવ્ય જમણવરામાં વાપરી વાહવાહ કહેવડાવવા કરતાં આવાં ઉપયોગી કામોમાં વાપરવાની બહુજ જરૂર છે. દરેક કાર્યમાં સમય સુચકતાની ખાસ જરૂર ગણાય છે. આધુનીક સમય ઘણાં સંકટો અને મુશ્કેલાઇઓ પસાર કરવાનો છે. આપણો બંધુ વર્ગ નિરધન થઇ ગયો છે. આળસાઇ, કપટ, દગાઓ, ઠગાઇ અને જુઠાણું વધતું જાય છે. કન્યાઓનાં વેચાણ અને ધાર્મીક દ્રવ્યનો દૂર ઉપયોગ થવા લાગ્યો છે. આવાં અધમાચરણો બંધ કરાવવાને ધાર્મીક અને વ્યવહારિક કેળવણીનો ફેલાવો છે.

કેળવણી આપનાર વર્ગજ ન હોય તો કેળવણી શી રીતે આપવી. આપણા ધર્મગુરૂઓ તરફ દ્રષ્ટિ કરીએ તો તેઓનું કાંઇ સ્થાઇ મુકામ રહી શકે નહીં. તેમને દૂર હમેશાં ફરતું રહેવું પડે છે. વળી તેમને પણ ભણવાની આવશ્યક્તા રહે છે. આપણી જૈન શાળાઓમાં

યોગ્ય પદ્ધતિ અનુસાર કેળવણી આપનાર મહેતાજીઓનો તુટો છે. આ બધી ખોટ પુરી પાડવા માટે શ્રીમંત શેઠ સાહેબોએ પોતાની સખાવતનો ઝરો આવાં જ્ઞાન ખાતાં તરફ વહેવડાવવાની જરૂર છે. જુદી જુદી નાની સંસ્થાઓમાં કટકે કટકે દ્રવ્ય વહેંચી નાખવા કરતાં આવાં સાર્વજનીક જ્ઞાન ખાતા તરફ દ્રષ્ટી ખેંચવી એ બહુજ ફળદાયક છે. જો આ ખાતું મજબુત થાય તોજ ઉગી નીકળતાં નાનાં નાનાં ખાતાં મજબુત થઇ શકે, આ ખાતું કોઇ એક વ્યક્તિનું નથી. આ ખાતું કંઇપણ અંશે ભેદબુદ્ધિ ધરાવતું નથી. આ ખાતાં માટે સર્વે મુની મહારાજાઓ યોગ્ય તજવીજ રાખે, ખબરો મેળવે અને યોગ્ય સુચનાઓ સુચવે, તેમજ એ ખાતાંને મદદ આપવાને શ્રાવક વર્ગને ઉપદેશ આપે એવું ઇચ્છવામાં આવે છે. સાધારણ શ્રાવક વર્ગ આ ખાતાં માટે માહેત રહે, તેને મદદ અપાવે, વિદ્યાર્થીઓને નોકરીઓ અપાવવા યોગ્ય તજવીજ કરે. નવા વિદ્યાર્થીઓ દાખલ કરાવવા પ્રયાસ કરે. પાઠશાળાનાં શિક્ષણ, વ્યવસ્થા, સુધારા વધારા, નિયમો વિગેરે તરફ ધ્યાન દોડાવે. એવું કરવાને તિર્થ રૂપ મુની મહારાજાઓ, શ્રીમંત શેઠ સાહેબો અને મારા સર્વ સાધારણ ભાઇઓને આમંત્રણ છે, સર્વેએ આ ખાતાંના ભલા માટે યોગ્ય યત્ન કરવો જોઇએ છીએ.

આ ખાતાં માટે મારો પહેલો કાંઇ અનુભવ નહોતો. મેં આવાં ખાતાંની હયાતી સંબંધી " જૈન " પત્રમાં લેખો લખ્યા, આ ખાતાં માટે માહેતી મેળવવા ઇચ્છા રાખી. રીપોર્ટની નકલ અને કેટલીક માહેતી મળી. આ પાઠશાળાના માટે ફંડો ઉઘરાવનારની શિક્ષણ સંબંધે કેટલીક ખામીઓ છે એટલે કેળવાએલ નથી, મકાન જોઇએ તેવું નથી, આ ખાતુ બહુ દુર છે. ઓફીસ વિરમગામને બદલે બીજી જગોએ જોઇએ. આ સંબંધે સમાધાન કરાવવા મારા ખરા નામે લે-

ઓ લખ્યા. કારણ કે એવે જૈન બંધુઓ મારી સાથે સીધો પત્ર વ્યવહાર કરી શકે. આ ખાતાંના હિત ખાતર મેં ગુજરાત, કાઠીયાવાડમાં અને બનારસ સુધી મુસાફરી કરી. ત્રીજી જૈન કોન્ફરન્સમાં એક નાનું હસ્તપત્ર વહેંચ્યું અને એવી રીતે કરવાથી આ ખાતું મારી મહેનતનો સ્વીકાર કરે છે. તેમ જે કોઈ જે કોઈ મદદ આપશે તે સ્વીકારશે. ખુબી વધારવા ખાતર ખામીઓ બતાવનાર જોઈએ. ખામીઓનું યથાર્થ સ્વરૂપ બતાવનારાઓનો, કાંઈ પણ અવાજ બંધ કરાવી દેવા સહેજ પણ વિચાર નથી. ખામીઓ બતાવનાર તરફ માનદ્રષ્ટિથી જોવાની ઈચ્છા છે. અને જો ખામી છે એમ યથાર્થ સાબીત થાય તો તે સુધારવાને આ ખાતું હમેશાં તઇયાર છે.

મારા ઉતરના પંજાબી ભાઈઓ, મારા પુર્વના બંગાલી ભાઈઓ, મારા દક્ષિણના દખણી ભાઈઓ અને મારા પશ્ચિમના ગુજરાતી ભાઈઓ, તેમજ દરેક સ્થળના જૈન ભાઈઓ જો આપ આ ખાતાને મદદ આપશો તો તેની સ્થાઈ ગોઠવણ થઈ સકશે, ભવિષ્યમાં એ કોલેજનું સ્વરૂપ ધારણ કરી સકશે.

તા. ૧૨ મી જાનેવારીના મુંબાઈ સમાચારમાં તેના વિદ્વાન લેખકે બાબુ પનાલાલની સખાવતથી ઉભાં થએલ મુંબાઈનાં ખાતાંની સ્થાપના સંબંધે લખતાં જૈન કોલેજ કાઢવાની આવશ્યકતા તથા આવાં ખાતાંને મદદ આપવા માટે ઘણુંજ અસર કારક રીતે જણાવેલ છે. એવીજ રીતે મેડમ એની બીસાંટે હિંદના દરેક સંપ્રદાયને કોલેજો સ્થાપવા જણાવેલ છે. અને જાપાનની ટોકીયો કોલેજના એક પ્રીન્સીપાલે કોલેજ ઉભી કરવાને બહુજ અસર કારક ભાષામાં ભલામણ કરેલ છે, આ ત્રણ અભિપ્રાય ઘણા લંબાણ હોવાથી સ્થળ સંકોચના કારણ સર તે આ જગોએ રજુ કરી શકયો નથી પણ ઉપર મુજબ સાર જણાવ્યો છે.

આખાતાને નાણાંની મદદ અપાવવાને નરરત્ન શેઠ વેણીચંદ સુરચંદનો તથા મુની મહારાજ ભક્તીવિજયજીનો પ્રયાસ ખાસ નોંધ લેવા જોગ છે. એ બંને મહા પુરૂષોનો દાખલો આપણા મુની મહારાજાઓ તથા સાક્ષર પુરૂષો લે તો ઘણું કરી શકે તેમ છે. એટલા માટે એક વાર ફરીથી તેમનું ધ્યાન ખેંચવા માટે અરજ કરૂંછું કે બની શકે તેવો યોગ્ય પ્રયાસ કરવાને સર્વે સાહેબો ખાસ રીતે લક્ષ આપશો તો આ ખાતાંના તેજોમય પ્રકાશ પ્રગટી નિકળશે અને એ અજવાળાનો લાભ સર્વેને એક સરખી રીતે મળશે.

## પાઠશાળાની વ્યવસ્થા સંબંધે સામાન્ય સુચના.

આ સંબંધમાં વિરમગામ હું બન્ને સેક્રેટરી સાહેબો સાથે મળ્યો છું અને મસલત ચલાવી છે. તેઓ મારી સુચનાઓને મળતા થયા છે. શ્રી બનારસ સારા મોભાવાળો એક ઉંચી કેળવણી મળવેલ મેનેજર રાખવો. અને તેના તાબામાં પાઠશાળાની શિક્ષણ સિવાય તમામ વ્યવસ્થા રાખવી. હિસાબી કામ, પત્ર વ્યવહાર, લાઇબ્રેરીની સંભાળ, સ્ટોર વિગેરે રહે અને વિરમગામ એક માણસ રાખવો જે હિસાબી કામ જાણી શકે, તેમજ પત્ર વ્યવહાર કરી શકે. બજેટમાં મંજુર કરેલ રકમો મુજબજ ભવિષ્યમાં ખર્ચ થઇ શકે. અરસ પરસ રકમ વાપરી શકાય નહીં અને એવી રીતે વાપરવામાં આવે ત્યારે મેનેજીંગ કમીટીની મંજૂરી લેવી જોઇએ. આવા મતો પત્ર વ્યવહારથી મંગાવવા.

દરેક નોકર વર્ગના કાર્ય માટે નિયમો, વિદ્યાર્થીઓ માટે નિયમો અને બન્ને ઓફીસો માટે નિયમો રચાવાની જરૂર સ્વીકારવામાં આવેલ છે. આ કાર્ય કરવું એ કાંઇ એકાદ બે જણથી થઇ શકે નહીં; તે માટે વ્યવસ્થા કમીટીના તમામ યા મોટા ભાગની હાજરીની જરૂર જોઇયે છીએ. બની શકે તો સર્વે વ્યવસ્થાપકો આ સવાલ ઉપર

વિચાર કરી કોનફરન્સની બેઠકના પ્રસંગમાં સારી તક મેળવી વિચાર કરશે. અથવા વાર્ષીક મીટીંગ વખતે પધારી પોતાની પ્રમાણીક ફરજ અદા કરશે. સર્વે વ્યવસ્થાપકોને મારે એટલું તો કહેવાની જરૂર પડે છે કે વ્યવસ્થાપકના લીસ્ટમાં નામ દાખલ થતાં ખુશાલી પ્રકટી નીકળે છે. તેટલેજ અંશે ખાતાંના કારોબાર તથા અભિવૃદ્ધી માટે જીજ્ઞાસા રાખવા જોઇએ છીએ.

દહીંમાં પગ ને દુધમાં પગ એમ બે ગોળાના ચરડવા માફકનું વર્ત્તન રાખવું એ અભ્યુદયસૂચક નથી. કાર્યમાં જોડાવું અને જીજ્ઞાસા —હાજરી, પ્રયાસ ન રાખવો એતો ખાતાંને બોજા રૂપ છે. સીધી રીતે સુચના ન કરવી અને પીઠ પાછળ કાદવ કચરો ઉરાડવો એતો બહુજ ભય સુચક અને ત્રાસજનક છે. મુંગે મોઢે નામ ખાતર જોડાવું અને કાંઇ કરવું નહીં એતો ઉદ્યોગી પુરૂષોની જગાઓ સાલવી બેસવા જેવું છે. શોભાનાં પુતળાં થવાને બદલે પરિશ્રમ કરો. પરિશ્રમ કરવા શક્તિ ન હોય તો તે કાર્ય માટે બીજા લાયકને જગાઓ કરી આપો.

ઓનરરી સેક્રેટરીઓએ અમુક વખત પછી પોતાનાં રાજીનામાં વારા ફરતી રજુ કરવાં જોઇએ, અને ફરીથી ચુંટણી થવી જોઇએ. આવા પ્રસંગે તેના તેજ સેક્રેટરીને પણ પસંદ કરવાની છુટ રહેવી જોઇએ.

ખાતાંના શિક્ષણ સંબંધે કેળવાએલ ગૃહસ્થોની બોર્ડ નીમવાની ખાસ જરૂર છે. વળી ઓનરરી વ્યવસ્થાપકો નિમતી વખતે તે કાર્યને ઉપયોગી થઇ શકશે કે કેમ? તેનો બહુજ વિચાર કરવો જોઇએ છીએ. કાર્યકુશળ પુરૂષોથીજ ખાતાંને ઘણો લાભ થઇ સકશે.

આ પ્રસંગે મારે જણાવવું જોઇએ છીએ કે દરેક પ્રસંગને અનુસરતા નિયમો ઘડી તેનો મુસદ્દો મેં બનારસ ઘણા વખત પહેલાં મોકલાવી આપેલ છે, પણ તે ઉપર રીતસર વિચાર થયા પહેલાં અને વ્યવસ્થાપકોની મંજુરી મળ્યા વિના અમલ શી રીતે થઇ શકે!

આ સંબંધે છેલ્લે સરવાળે સાર એજ કહેવાનો છે કે મીટીંગ વખતે વ્યવસ્થાપકોએ હાજરી આપવા જરૂર છે. અથવા લેખી પરવાનગીઓ મેળવવા ગોઠવણ થવી જોઇએ છીએ.

**આ પાઠશાળા માટે કેટલાક સાહેબોએ આપેલ ધ્યાન.**

વ્યવસ્થાપકો તથા બહારના સદ્‌ગૃહસ્થોએ છેલ્લાં ત્રણે વરસમાં વ્યવસ્થાપકો તથા બહારના ગૃહસ્થોએ આ ખાતાંની મુલાકાત લઇ પોતાના અભિપ્રાય જણાવેલ છે. એ અભિપ્રાયો કાંઇ ટીટે ટીટા કરેલ નથી. પણ તેમાં ઘણીક સૂચનાઓ છે, અને એ સુચનાઓ ધ્યાનમાં લેવા યોગ્ય છે. તથા તે ઉપર લક્ષ આપવામાં આવેલ છે. પાઠશાળા માટે મદદ આપનાર સાહેબો તથા અભિપ્રાય આપનાર સાહેબોનાં નામો પ્રસિદ્ધ થઇ ચૂકેલ છે. માત્ર જેમનાં નામો પ્રસિદ્ધિમાં નથી આવ્યાં એવા ગૃહસ્થોના નામની ખાસ નોંધ અહીંઆં લેવામાં આવે છે.

રા. રા. શેઠ. હેમચંદ અમરચંદ.
રા. રા. મનસુખભાઇ કીરતચંદ મહેતા.
રા. રા. લલુભાઇ કરમચંદ દલાલ.
રા. રા. ખોડાભાઇ લખમીચંદ.
રા. રા. મોહનલાલ ખોડીદાસ.

આ ભાઇઓએ પાઠશાળા તરફ જીજ્ઞાસા રાખી છે એમ જણાયાથી હું તેમની નોંધ લઇ શકું છું. આવી જીજ્ઞાસા ઘણા સાહેબો રાખે છે. પણ એ બધાંનાં નામો જણાવવાને સ્થળ સંકોચ છે. જેથી પ્રસિદ્ધિમાં મૂકાતાં રહી ગએલ નામો માટે હું દર ગુજર ચાહું છું.

**ભવિષ્યમાં ઓનરરી વ્યવસ્થાપકનાં લીષ્ટમાં ઓનરરી વ્યવસ્થાપક તરીકે પસંદ કરવા યોગ્ય નામો.**

જો દરેક વ્યવસ્થાપક ઓનરરી વ્યવસ્થાપકો કોને નીમવા જોઇએ તેનો વિચાર કરે અને અમૂક નામો સુચવે અને એ નામોમાંથી કાર્ય-

દક્ષ પુરૂષોને પસંદ કરી દાખલ કરાવવામાં આવે તો કાર્ય વધારે તેજસ્વી થાય અને એવા હેતુથી સર્વે જૈનભાઇઓને અરજ કરૂં છું કે પાઠશાળાનાં બંધારણ અને વ્યવસ્થામાં સારો ભાગ લઇ શકે એવા પુરૂષોનાં નામો આ નિબંધના લેખક એટલે મને મોકલાવી આપશો તો તેનો સારો ઉપયોગ થશે. મારી પસંદગીમાં આવેલ નામો પ્રજાની જાણ માટે મૂકું છું જે:—

| | |
|---|---|
| રા. રા. વકીલ હરખચંદ હેમશી. | વઢવાણ કેમ્પ. |
| રા. રા. મનસુખભાઇ કીરતચંદ મહેતા. | મુંબાઇ. |
| રા. રા. પંડીત ફતેચંદ કપુરચંદ લાલન. | ,, |
| રા. રા. લલુભાઇ કરમચંદ દલાલ. | ,, |
| રા. રા. ઝવેરીલાલ માણેકલાલ ઘડીયાળી. | ,, |
| રા. રા. હીરાચંદ કકલભાઇ. | અમદાવાદ. |
| રા. રા. મોહનલાલ હેમચંદ. | મુંબાઇ. |
| રા. રા. શીવજી દેવશી. શાહ. | પાલીતાણા. |
| રા. રા. નાગરદાસ પુરૂષોત્તમ કામદાર. | રાણપુર. |

આ સિવાય બીજા ઘણા સુજ્ઞ પુરૂષોનાં નામ રહી જતાં હશે. પણ પ્રસંગ પડે અથવા બીજી જગોથી જણાવવામાં આવે તો એ નામો જનરલ મીટીંગમાં રજુ કરી શકાય.

## પાઠશાળા તરફથી માસીક કાઢવાની જરૂર.

આ સુચના સંબંધે એ મત છે. બનારસ ખાતે મુની મહારાજ સાહેબો હું તથા જૈન પત્રના અધિપતિ ભગુભાઇ ફતેચંદ કારભારી માસીક કાઢવાના મતમાં છીએ. પાઠશાળાના સેક્રેટરી સાહેબો વિગેરે હાલમાં માસીકની જરૂર વિચારતા નથી, તો પણ માસીક કાઢવા જરૂર જોગ કારણો શું છે. તેનો સહેજ ખ્યાલ કરીએ, માસીક હિસાબ બહાર આવે. જૈન કેળવણી ખાતાનું એકીકરણ કરવવામાં સહાય ભુત થાય. કેળવણીને લગતા વિષયો ચર્ચાવાનું સાધન થાય. પાઠશાળાના વિ-

દ્યાર્થીઓને લેખો પ્રસિદ્ધ કરાવવાનું સાધન મળે, તેમજ આવાં ખાતાં સરકાર તેમજ સુધરેલી પ્રજા જ્યારે સ્થાપન કરે છે. ત્યારે તે પણ માસીકની આવશ્યકતા સ્વીકારે છે; એટલુંજ નહીં પણ પાઠશાળા માટે ખબરો ફેલાવવાનું અને ઉઠતી શંકાઓનું સમાધાન કરાવનારૂં સ્વતંત્ર સાધન થશે. આ સૂચના ઉપર તમામ વ્યવસ્થાપકોએ ખાસ ધ્યાન આપવું જોઇએ છીએ.

## ઉપસંહાર.

(૧) આપણા બાળકોને તથા શ્રાવક શ્રાવિકાઓને ધાર્મીક શિક્ષણ તથા સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપવા માટે, મુની મહારાજાઓને શિક્ષણ આપવા માટે, અને સંસ્કૃત તથા માગધી ભાષાનાં પુસ્તકોનાં ભાષાન્તરો શ્રી જૈન ધાર્મીક શૈલી પ્રમાણે કરાવવા માટે. શાસ્ત્રીઓ તથા શિક્ષકોની જરૂર છે. એ આવશ્યકતા પુરી પાડવા માટે એવા પ્રકારનું શિક્ષણ આપી શકે એવી એક પાઠશાળા કાઢવાની જરૂર વિચારવામાં આવતી હતી.

(૨) આ હેતુઓ બર લાવવા સારૂ ઉપરના નામની પાઠશાળા શ્રી બનારસમાં સ્થાપવામાં આવી છે અને તે માટે એક વ્યવસ્થાપક કમીટી નીમવામાં આવી છે. એ કમીટીમાં ઓછામાં ઓછા અઢીસો રૂપીઆ ભરનારને મેમ્બર તરીકે નીમવામાં આવે છે તેમજ તેટલીજ સંખ્યામાં ખાસ એ શાળા માટે તજવીજ કરી શકે એવા ગૃહસ્થોને પસંદ કરી ઓનરરી મેમ્બર તરીકે નીમવામાં આવે છે.

(૩) હાલમાં આ પાઠશાળામાં લગભગ પીસતાળીશ વિદ્યાર્થીઓ અને દશ મુની મહારાજાઓ અભ્યાસ કરે છે. તેઓનો અભ્યાસ સંતોષકારક ચાલે છે એમ ગ્રહસ્થોએ જણાવેલ છે આ ખાતાના વિદ્યાર્થીઓની નિયમસર લાયક ગ્રહસ્થો પાસે પરીક્ષા લેવડાવવામાં આવે છે તથા તમામ વહીવટનો વાર્ષિક રીપોર્ટ બહાર પાડવામાં આવે છે રીતસર ઉપજ ખર્ચનું બજેટ કરવામાં આવેછે.

(૪) આ પાઠશાળામાં સંસ્કૃત વ્યાકરણ, કોષ, અલંકાર, ન્યાય અને ધાર્મીક ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવે છે. તેમજ ઉપદેશ કેવી રીતે આપવો, શિક્ષણ શી રીતે આપવું અને ભાષણ શી રીતે

કરવું. એ તમામ પદ્ધતિઓ શીખવવામાં આવે છે

(૫) આ પાઠશાળા માટે એક ફંડ સ્થાપવામાં આવ્યું છે. અને તેમાં કેટલીક રકમ ભરાઇ છે. શેઠ વીરચંદ દીપચંદ જે. પી. સી. આ. ઇ. તથા શેઠ ગોકળદાસ મુળચંદે મોટી રકમની મદદ આપી છે અને એ મદદથી સારૂં મકાન ખરીદવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને રહેવાની, જમવાની, અભ્યાસ કરવાની, તથા મુની મહારાજાઓને રહેવાની સગવડ કરવામાં આવેલ છે. આ ફંડમાં કેટલાક ગૃહસ્થોએ વાર્ષીક રકમો આપવા બંદોબસ્ત કર્યો છે. તથા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપો સ્થાપેલ છે. અને કેટલીક રકમો રોકડ ભરેલ છે.

(૬) આ પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓને ખોરાક, કપડાં, જવા આવવાનું ખર્ચ અને સ્કોલરશીપ તરીકે રોકડ રકમો વિગેરે તમામ ખર્ચ આ પાઠશાળાના ફંડમાંથી આપવામાં આવે છે.

(૭) શ્રી બનારસમાં અન્ય દર્શનીઓ તરફથી સેંટ્રલ હિંદુ કોલેજ અને બીજાં એવાં ખાતાં સ્થપાયાં છે, તે વાત લક્ષમાં લઇ તેમના પ્રમાણમાં આપણે પણ આગળ વધવાનો વિચાર કરવો જોઇએ. એ અગત્યનું છે અને તેટલા માટે તમામ જૈનભાઇઓને વિનતિ કરીને ધ્યાન ખેંચવામાં આવે છે કે જો આપ આ ફંડને મદદ આપવાનો વિચાર કરશો તો તેને આપણે જૈન કોલેજના રૂપમાં લાવી શકાશે.

(૮) આ પાઠશાળાને મદદ આપવાથી સ્વધર્મ ફેલાવાનું સાધન વધારે મજબુત થશે અન્યદર્શનીઓને બદલે સ્વધર્મી ભાઇઓથી શિક્ષણ લેવાનું બની શકશે, તેમજ કેટલે દરજ્જે એ ધંધે આપણા સ્વધર્મી ભાઇઓને લગાડી શકાશે. તથા ધાર્મીક કાર્યનો શોધ ખોળ કરનાર વર્ગ ઊભો થશે. તેમજ જૈન ધર્મનો ફેલાવો કરવામાં સગવડતા થશે અને તેથી જીવ દયા વિગેરે ધાર્મીક કાર્યો વધારી શકાશે.

(૯) શ્રી કલકત્તા નિવાસી બાબુ સાહેબ રાયકુમારસીંહજી જેઓ શ્રી જૈન કોનફરન્સના જનરલ સેક્રેટરી છે. તેઓએ તથા માસ્તર હીરાચંદ શેપકરણ, શેઠ જેઠાભાઇ જેચંદ અને નામાંકિત શેઠ મનસુખભાઇ ભગુભાઇ અને શાહ વલ્લભજી હીરજી વિગેરે અનેક ગૃહસ્થોએ આ પાઠશાળાની મુલાકાત લીધી છે અને પોતાનો સંતોષ જાહેર કરેલો છે.

(૧૦) જે જે જૈન શાળાઓને હાલ શિક્ષક જોઈતા હોય તથા ભવિષ્યમાં જોઈએ તેમ હોય તેમણે આ ખાતામાંથી મંગાવવા તથા તે સંબંધે પુછાવવા તજવીજ કરવાને વિજ્ઞપ્તિ છે.

(૧૧) આ પાઠશાળામાં વિદ્યાર્થીઓની જરૂર છે. માટે જેમને દાખલ થવા મરજી હોય, ઉમર તેમને અભ્યાસ અને સારી ચાલચલણ વિગેરે બાબત જણાવવાથી તે બાબત યોગ્ય તપાસ કરીને બંદોબસ્ત કરવામાં આવશે.

(૧૨) આ પાઠશાળા સંબંધી કાંઈ પણ માહિતી જોઈતી હોય, કાંઈ પણ સુચના કરવી હોય અથવા કાંઈ પણ શંકા ઉઠે તો તેનું સમાધાન કરવાને નીચેને સહી કરનારને રૂબરૂ મળીને યાતો પત્ર વ્યવહાર કરીને તજવીજ કરાવવી એમ પણ વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

**શાહ. નારણજી અમરસી વઢવાણ શહેર.**

આ નાના નિબંધમાં ઘણી બાબતો વર્ણવવી રહીજાય એવો સંભવ છે. ઘણા સાક્ષરો અને શ્રીમંતો મારી અજ્ઞાનતાને લીધે પાઠશાળા માટે યોગ્ય સત્કાર કરતા હોય છતાં આ યાદીમાં આવતા ન હોય કંઈક અંશે પાઠશાળા ચિતમાં રમી રહી છે જેથી પક્ષવાદ જણાઈ આવે અને એમ જોતાં જાતાં ધારવા વિચારવામાં ન આવે તે સર્વે મારા પોતીકા દોષ છે. એમ ધારી મને ક્ષમા કરશો. હું હજુ બાળ જીવ છું. મારા ઉપર જ્ઞાનના પહેલ પડલ નથી. તેથી સર્વની નિરંતર ક્ષમા યાચું છું. અને ઈચ્છું છું કે કોઈ પણ રીતે પાઠશાળા તરફ સર્વે જૈનભાઈઓ અને સમસ્ત શ્રી સંઘ મૈત્રીભાવથી જોઈ તેનો અભ્યુદય કરવાને ખંતથી પરિશ્રમ કરશે અને બની શકે તેટલી નાણાંની મદદ આપશે. એજ વિનંતી શાંતિ ! શાંતિ !! શાંતિ !!!

# જાહેર ખબર.

## શ્રી માંગરોળ જૈન સભા.

આ સભા જુદી જુદી પ્રકારે કેળવણીના કાર્યો કરે છે. પરાંત જૈનધર્મનાં તમામ પુસ્તકો ઘણા દેશાવરોનાં આ સભામાં વેચવાને ગોઠવણ કરેલી છે જેનો સજ્જનો અવશ્ય લાભ લેશો. એક પંથ દો કાજ.

પુસ્તકોના નફામાંથી જૈન પુસ્તકોજ પ્રગટ થાય છે જેથી દરેક બંધુઓ પુસ્તકો ખરીદ કરી ડબલ લાભ મેળવવો.

બહારગામથી મંગાવનારાઓ ઉપર પુરતું લક્ષ આપવામાં આવે છે. સુચીપત્ર વાંચો.

| | |
|---|---|
| **શ્રી માં. જૈન સભા.**<br>પાયધુણી મુંબઇ ન. ૫૬૬ | **લી. મોહનલાલ પુંજાભાઇ.**<br>ઓ. સેક્રેટરી. |